RAN-2501001204050002

# RAN-2501001204050002 / 2501000104011002

## B. A. (Sem.IV) Examination April - 2026

## AEC - IV Gujarati

## Gujarati Proficiency and Life Skills - IV

## Gujarati Bhasha Samarthya ane Jivan Kaushal - IV

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Student's Signature |

**પ્ર. 1. નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના ટુકમાં જવાબ આપો.** **10**

1. અનુસ્વારનું સ્થાન કોના આધારે નક્કી કરાય છે?
2. અનુસ્વાર કયા સ્વરૂપે દર્શાવાય છે?
3. અનુસ્વાર - અષ્ટક કયા કવિની રચના છે?
4. અપૂર્ણ ક્રિયાવાચક ક્રિયાપદ કોને કહેવાય?
5. અકર્મક ક્રિયાપદની વ્યાખ્યા આપો.
6. સંક્ષેપીકરણ કોને કહેવાય?
7. સંક્ષેપીકરણ કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ?

**પ્ર. 2.(અ) ટુંકનોંધ લખો. (ગમે તે એક)** **5**

1. અનુસ્વારના કોઈપણ ત્રણ નિયમો.
2. અનુસ્વારના પ્રકારો.

**(બ) ટુંકનોંધ લખો. (ગમે તે એક)** **5**

1. ક્રિયાપદની વ્યાખ્યા અને તેના ભેદ
2. સયુક્ત અને સહાયક ક્રિયાપદ

**(ક) કોઈપણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરી, શીર્ષક આપો.** **5**

1. ‘‘ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે અને તેની કિંમત જાણી છે. તે તો સદાયને માટે વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્યપાલન કરતાં અને તેના કર્તવ્યપાલનને અર્થે, તેના જ્ઞાનમાં નિત્ય વૃદ્ધિ થવી જ જોઈએ. કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઈ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહિ એ વહેમ સમાજની બુદ્ધિને રૂંધી નાખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ તો શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પુષ્કળ થઈ પડ્યા છે. અને વસ્તુનું જ્ઞાન ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે અનુભવ મોટામાં મોટી નિશાળ છે. અનેક ધંધા તો શાળામાં ન શીખાય, પણ તે તે ધંધાનાં કૌશલ દુકાન કે કારખાનામાં શીખાય છે. શાળાનું જ્ઞાન ઘણીવાર

પોપટિયું હોય છે. ધંધામાંની બહારનું જ્ઞાન પુસ્તકોમાંથી મળે છે. એટલે મોટી ઉંમરે પેહોચેલાને સારૂ શાળા કરતાં ઘરકામની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે.

– ગાંધીજી

2. ''તમારો વ્યવસાય તમારૂં ને તમારાં કુટુંબનું પૂરૂં કરવા ઉપરાંત તમારી શક્તિઓ વિકસાવવા અને તમારૂં વ્યક્તિત્વ ખીલવવા જરૂરી સાધન તમારાં હાથમાં મૂકશે ને સમાજમાં તમને તમારૂં સ્થાન આપશે. ખલાસીને પોતાની હોડી માટે ને વિમાનીને પોતાના વિમાન માટે જે મમતા હોય છે એ જ તમને તમારા કામધંધા માટે પણ હોવી જોઈએ, કારણકે એમાં બેસીને તમે સંસારના ભવસાગરને તારવાના છો! કામ એ લાચારીનો વિષય નથી, ઉત્સાહ નો છે. બહારથી લાદેલો બોજો નથી, અંદરથી સ્ફૂરેલી જીવનપ્રવૃત્તિ છે. ગુલામીની જંજીર નથી, રજાનો મુકુટ છે. કામ કરતાં કરતાં માણસ બ્રહ્માંડના રહસ્યો ફોડે છે, વિશ્વની શક્તિઓ ઉપર આધિપત્ય મેળવે છે. સૃષ્ટી શિરોમણીનું બિરૂદ સાર્થક બનાવે છે. આપ મહેનત એ સૃષ્ટી માત્રનો ધર્મ છે. આળસ અને કામચોરી એ કેવળ મનુષ્યે જ શોધેલી વિકૃતિઓ છે. એ આળસથી હાથ – પગ ઢીલા પડે, બુધ્ધિ કટાઈ જાય, હૃદયના ધબકારા મંદ પડી જાય.

– ફાધર વાલેસ

---